**Capital World (Gujarati) Pg 2 - 10 Sep 2022**

# શેરબજારોની જેમ ક્રિપ્ટોકરન્સીમાં પણ તેજી

» ભારતીય ૩.૦ વર્સનો આઈસી ૧૫ ઈન્ડેક્સમાં ૭.૮૮ ટકાનો વધારો

**કેપિટલ સંવાદદાતા તા.૯**

વૈશ્વિક ધોરણે મોટા ભાગના શેરબજારોમાં વધારો થયો હતો. શેરબજાર જેવી તેજી ક્રિપ્ટોકરન્સીમાં પણ જોવા મળી હતી.

યુરોપિયન સેન્ટ્રલ બેન્ક (ઈસીબી)એ વ્યાજ દરમાં વધારો કર્યો હોવા છતાં શેરબજારમાં તેની પ્રતિકૂળ અસર જોવા મળી નહોતી. યુરોપ સહિત એશિયાના શેરબજારોમાં પણ તેજી રહી હતી. પરિણામે આ સકારાત્મક સેન્ટિમેન્ટ ક્રિપ્ટોકરન્સીમાં પણ જોવા મળ્યુ હતું. બિટકોઈન ૨૦ હજાર ડૉલરના સ્તરને પાર કરશે કે નહીં એ ચિંતા હતી પરંતુ શુક્રવારે તે ૨૧ હજાર ડૉલરની સપાટીને પણ પાર કર્યો હતો.

જ્યારે૩.૦ વર્સનો વિશ્વનો સર્વપ્રથમ ક્રીપ્ટો ઈન્ડેક્સ - આઈસી૧૫શુક્રવારે સાંજેઆઠ વાગ્યે પૂરા થયેલા ચોવીસ કલાકમાં૭.૮૮ ટકા (૨૩૦૧ પોઈન્ટ્સ)વધીને૩૧,૫૬૧ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.



**ક્રિપ્ટો કરન્સીના ભાવ**

| ક્રિપ્ટો કરન્સી | ભાવ (ડોલરમાં) | ભાવ રૂપિયામાં | છેલ્લા ૨૪ કલાકમાં વધ-ઘટ ટકામાં | છેલ્લા અઠવાડિયામાં વધ-ઘટટકામાં |
|---|---|---|---|---|
| બિટકોઇન (BTC) | ૨૧,૧૦૬.૫૭ | ૧,૬૭૮,૮૦૯.૧૬ | ૯.૯૦ | ૩.૮૯ |
| ઈથેરિયમ (ETH) | ૧,૭૨૫.૭૩ | ૧૩૭,૪૫૧.૩૬ | ૫.૯૪ | ૫.૧૯ |
| બિનાસ કોઇન (BNB) | ૨૯૩.૦૫ | ૨૩,૨૭૧.૭૪ | ૪.૮૦ | ૩.૬૨ |
| XRP | ૦.૩૫ | ૨૭.૮૭ | ૫.૦૯ | ૫.૬૨ |
| ડોજીકોઇન | ૦.૦૬૩૭ | ૫.૦૭ | ૫.૩૨ | ૧.૭૬ |
| લાઇટ કોઇન (LTC) | ૬૧.૧૯ | ૪,૮૭૪.૦૮ | ૭.૫૦ | ૨.૪૨ |